GJSR010029662026

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૫.૦૩.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૦૫.૦૩.૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૧૦.૦૩.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦ ૦ ૦૫ |

આંક–..........

**મહેરબાન સુરતના બીજા અધિક એડીશનલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબ,સુરત.**

**ક્રિમી.આગો.જામીન અ.નં. ૧૬૫૩/૨૦૨૬**

**અરજદાર/આરોપીઃ નનુભાઈ રાધવભાઈ સોજીત્રા.**

ઉ.વ.૫૨, ધંધો-મજુરી,

રહે-૨૦, ઓમકાર સોસાયટી-૨, પુણા ગામ, સુરત.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિષયઃ– બી.એન.એસ.૨૦૨૩ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવાની અરજી...**

અરજદાર તરફે વિ.વકીલશ્રી આર.સી.દુધરેજીયા.

સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા.

**ચૂકા દો**

(૧) અરજદાર–આરોપીની સુરત શહેર વરાછા પોલીસ સ્ટેશન પાર્ટ–એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૬૦૨૫૩૨૫૫/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૬(૫), ૫૪ ના કામે

પોલીસ ધરપકડ કરે ત્યારે જામીન ઉપર મુકત થવા માટે સબબ બી.એન.એસ.ની કલમ–૪૮૨ અન્વયે હાલની આગોતરા જામીન અરજી કરેલી છે.

૨) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, સદર ગુનામાં આડકતરી રીતે અરજદાર/આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. સદર ગુનામાં અરજદાર/આરોપીએ નામ.સેશન્સ કોર્ટમાં આગોતરા જા.અ.નં.૧૦૦૬૯/૨૦૨૫ થી દાખલ કરેલી જે નામ. કોર્ટે નામંજૂર કરેલી. ત્યારબાદ નામ.ગુજ. હાઇકોર્ટમાં આગોતરા મેળવવા માટે સી.આર.એમ.એ.નં.૪૪૩૮/૨૦૨૬ થી દાખલ કરેલ અને તા.૨-૩-૨૦૨૬ ના રોજ નામ.ઓનેબલ જજ સાહેબશ્રીના ઓર્ડર મુજબ અરજદાર/આરોપી તા.૩-૩-૨૦૨૬ ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી વરાછા પો.સ્ટે. સમક્ષ હાજર થયેલ અને તેમનુ નિવેદન લખાવેલ જે નિવેદન અન્વયે અરજદારને ગેરકાયદેસર રીતે અટક કરવાની ૭ દિવસની નોટિસ આપેલી જે નોટિસ અન્વયે અરજદાર નામ. કોર્ટ સમક્ષ ગ્રાઉન્ડ બદલાયેલ છે. અરજદાર/આરોપી તપાસમાં સહકાર આપવા તૈયાર છે અને સુરતના સ્થાનિક રહેવાસી છે. તેથી અરજીની તમામ હકીકતો ધ્યાને લઇ અરજદારને આગતોરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદારના વિ.વ.શ્રી આંક–૩ ના લિસ્ટથી દસ્તાવેજી

પુરાવાઓ રજૂ કરેલ છે જે ધ્યાને લેવા રજૂઆત કરેલ છે.

૩) સદર કામે સરકાર તરફે વાંધા અભિપ્રાય આંક–૪ થી રજુ થયેલ છે તેમજ વિ.ડી.જી.પી.શ્રીએ દલીલ કરી અરજી સામે વાંધો લઇ જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી અને આરોપીઓ ત્રણે બાપ દિકરા થાય છે. હાલના અરજદાર/આરોપી તથા તેના બે દિકરા સાથે મળી પાસેથી સાડીનો માલ અગિયાર લોટ ટોટલ ૨૨૨૭ સાડી કુલ રૂ.૧૫,૫૮,૯૦૦/– નો માલ સીરોસકી જોબવર્ક માટે બનાવવા માટે લઇ જઇ પરત ન કરી હાલ ૪૮, શ્રીજી ડેકો, જગદીશનગર, એલ.એચ.રોડ, સુરત ગોડાઉન તથા ઘરમાં લોક મારી નાસી ફરી.શ્રી સાથે એક વેપારી તરીકે ગુનાહિત વિશ્વાસઘાત કરેલ છે. જેથી હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તે ગુનાના ફરિયાદીને ધાક ધમકી આપી પુરાવા સાથએ ચેડા કરે તેમ છે. ફરિયાદપક્ષને ખુબ જ મોટું નુકશાન થાય તેમ છે તેમજ અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો કોર્ટ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહી શકે તેવી પુરેપુરી શકયતા છે તેમજ હાલના સમયમાં માર્કેટમાં આવા પ્રકારના ગુનાઓ બનતા હોય જેથી સમાજમાં દાખલો બેસાડવાની જરૂર છે. જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત નહીં કરવા રજુઆત કરેલ છે.

૪) પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. જામીન અરજી, તે સાથેના દસ્તાવેજો, તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય તથા તપાસના કાગળો વંચાણે લીધા.

૫) પોલીસ પેપર્સ ધ્યાને લેતાં જણાય છે કે, સદર કામનાં આરોપી સામે અગાઉ જામીન અરજી નામંજૂર થયેલ. જેથી તેઓએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અરજી કરતાં આઇ.ઓ. સમક્ષ નિવેદન નોંધાવવાનું અને અટક કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો ૭ દિવસની નોટિસ આપવાનો હુકમ કરેલ. જેથી તપાસ કરનાર અધિંકારીએ અટક કરવા સબ ધે નોટિસ આપતાં આ અરજી કરેલ છે. અરજદાર/આરોપીના નિવેદનમાં તેઓ પોતાનાં પુત્ર સાથે ધંધો કરતાં નહીં હોવાનું જણાવેલ છે તેમજ આરોપીનાં નિવેદન અને તપાસ કરનાર અમલદારે જે બિલોની નકલ મેળવેલ છે તેમાં સાગરભાઈ સાથે વ્યવહારનું સ્પષ્ટ થાય છે તેમજ આરોપીએ તપાસમાં સહકાર આપેલ છે અને નિવેદન નોંધાવેલ છે. અન્ય આરોપીથી અલગ ભુમિકા હોવાનું આ અરજદારના નિવેદનથી સ્પષ્ટ થાય છે. તપાસ કરનાર અમલદારે હવે શા માટે આરોપીને અટક કરવા માંગે છે તે સ્પષ્ટપણે જણાવેલ નથી એટલે કે આરોપીની ગેરહાજરીમાં તપાસમાં આગળ વધી શકાય તેમ છે. આમ, આરોપી સામે જે આક્ષેપ છે તેમાં તેઓની ગેરહાજરીમાં તપાસ થઇ શકે તેમ છે. આમ, હવે સંજોગોમાં બદલાવા આવેલ છે. તેથી નામદાર સર્વોચ્ચ અદાલતના ગુરૂબક્ષનાં તથા સિધ્ધરામ માત્રેનાં

કેસમાં આગોતરા જામીન અરજીના સંદર્ભેના સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં તથા આરોપીનાં વિ.વકીલશ્રીની રજુઆતને ધ્યાને લેતાં પણ આરોપીની તરફેણમાં વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરવા માટેનો આ યોગ્ય કેસ મને જણાય આવતો હોય તેમજ અરજદાર/આરોપીને સખત શરતોને આધિન આગતોરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે તેથી નીચે મુજબનો હુકમ કરૂં છું.

**<u>હુકમ</u>**

અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપી– **નનુભાઈ રાઘવભાઈ સોજીત્રા**, રહે–૨૦, ઓમકાર સોસાયટી–૨, પુણા ગામ, સુરતનાઓને સુરત શહેર વરાછા પોલીસ સ્ટેશન પાર્ટ–એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૬૦૨૫૩૨૫૫/ ૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૬(૫), ૫૪ ના કામે અરજદારની ધરપકડ કરવાના સંજોગો ઉપસ્થિત થાય ત્યારે તુરત જ રૂ.૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પુરાના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન આપ્યેથી આગોતરા જામીન ઉપર મુકત કરવાનો હુકમ નીચેની શરતોને આધિન મંજુર કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**Next

૧) અરજદારનાએ તપાસના કામે સંબંધિત પો.સ્ટે.માં તારીખ

૧૨–૩–૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી ૨ માં હાજર રહેવું.

૨) અરજદારનાએ કોઈ સાક્ષીઓને ફોડવા તેમજ ધમકાવી, પુરાવા સાથે ચેડા કરવા પ્રયાસ કરવો નહીં.

૩) અરજદારનાએ જો તેઓ પાસપોર્ટ ધરાવતા હોય તો,દિન–૭ માં સદર પાસપોર્ટ સંબંધિત કોર્ટ સમક્ષ જમા કરાવવાનો રહેશે.

૪) અરજદાર/આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવો.

૫) અરજદારનાએ ભારત દેશની હદ છોડવી નહીં.

હુકમની નકલ સંબંધિત પોલીસ સ્ટેશન મોકલી આપવી.

હુકમ આજ રોજ તા.૧૦ મી, માહે–માર્ચ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦.૦૩.૨૦૨૬.
સુરત.
KPP

(રાકેશ રજનીકાંત ભટ્ટ)
બીજા અધિક સેશન્સ જજ, સુરત.
Code No. G.J.00608.